# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **ઉપરાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં આજે એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા પદયાત્રાનું સમાપન થશે.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે બનાસ ડેરીનું મુલાકાતે, ગઇકાલે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનો આરંભ કરાવ્યો.**
3. **વિશેષ મતદાર સુધારણા અભિયાન અંતર્ગત કુલ 21 વિધાનસભા મતવિસ્તારોમાં 100 ટકા ડિજીટાઈઝેશન સંપન્ન.**
4. **ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાનો સુધારેલો કાર્યક્રમ જાહેર , હવે ધુળેટીના દિવસે યોજનારી પરીક્ષા નવી તારીખોએ લેવાશે.**
5. **વિશાખાપટ્ટનમમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રીજી અને અંતિમ વનડે મેચ રમાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PADYATRA SAMAPAN

ભારત રત્ન સરદાર વલ્લભભાઇ પટેલને તેમની 150મી જન્મ જયંતિ નિમિત્તે સ્મરણાંજલિ આપવા માટે કરમસદથી નીકળેલી સરદાર@150 રાષ્ટ્રીય એકતા પદયાત્રા 11 દિવસના પરિભ્રમણ બાદ એકતાનગર ખાતે સ્થિત સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં આ યાત્રા પૂર્ણ થશે. આ એકતાયાત્રાના પૂર્ણાહુતિ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણન ઉપસ્થિત રહેશે.

સરદાર@150 રાષ્ટ્રીય એકતા પદયાત્રા 26ના રોજ સરદાર સાહેબના જન્મ સ્થાન કરમસદથી આરંભાઇ હતી. 11 દિવસ ચાલેલી આ યાત્રા આણંદ ઉપરાંત વડોદરા, નર્મદા જિલ્લાના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં પરિભ્રમણ કરી કેવડિયા પહોંચી છે. આ એકતા પદયાત્રા વિશેષ બની રહી છે.

ગાંધીજી સાથે જોડાયેલી દાંડી માર્ચ બાદ સરદાર સાહેબ સાથે જોડાયેલી આ પદયાત્રાએ સમગ્ર દેશમાં એકતા, ભાઇચારા તથા એક ભારત, શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારતનો સંદેશ પ્રસરાવ્યો છે.

---

# EKTA YATRA SAMAPAN

ગત 26 મી નવેમ્બરથી શરૂ થયેલી રાષ્ટ્રીય એકતા પદયાત્રા આજે એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સંપન્ન થશે. ઉપરાષ્ટ્રપતિ સી .પી. રાધાકૃષ્ણનની ઉપસ્થિતીમાં આ રાષ્ટ્રીય પદયાત્રા સંપન્ન થશે.

ત્યારે આ યાત્રા ગઇકાલે નર્મદા જિલ્લાના ભાણદ્રા ખાતે પહોંચી હતી. આ પ્રસંગે પદયાત્રામાં ઉપસ્થિતિ કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરીએ જણાવ્યું હતું કે વિવિધતામાં એકતા, એ જ આપણી સૌથી મોટી શક્તિ છે.

# બાઇટ- જયંત ચૌધરી, કેન્દ્રીય મંત્રી

---

## AMIT SHAH

આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ બનાસકાંઠા જિલ્લાની બનાસ ડેરીની મુલાકાતે જશે. બનાસ ડેરીના દ્વારા નવનિર્મિત બાયો **C.N.G.** ફર્ટિલાઈઝર પ્લાન્ટનું લોકાપર્ણ તેમજ **150** ટન પાવડર પ્લાન્ટનું ખાતમુર્હૂત કરશે.

આજના બનાસકાંઠાના તેમના કાર્યક્રમની વિગતો આપી રહ્યાં છે , અમારા બનાસકાંઠાના પ્રતિનિધિ સવજી ચૌધરી

# વોઇસ કાસ્ટ – સવજી ચૌધરી

---

## AMC SHOPPING FESTIVAL

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનો ગઇકાલે સાંજથી પ્રારંભ થયો હતો.

અમિત શાહ અને મુખ્યમંત્રીએ અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ કાર્નિવલ પરેડને ફ્લેગ ઓફ કરાવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ શોપિંગ ફેસ્ટિવલના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. **16** જાન્યુઆરી **2026** સુધી ચાલનારો આ રિટેલ , લાઈફસ્ટાઇલ અને એન્ટરટેઇનમેન્ટનો વિશાળ મહોત્સવ

'વોકલ ફોર લોકલ ' સંકલ્પને સાકાર કરવાની સાથે શહેરના વેપાર અને પર્યટન ક્ષેત્રમાં નવી ઉર્જા ફૂંકશે.

આ વર્ષે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ અંતર્ગત શહેરના **6** મુખ્ય શોપિંગ ડિસ્ટ્રિક્ટ્સ અને **12**થી વધુ હોટસ્પોટ ઝોન્સને તૈયાર કરવામાં આવ્યા છે .આ ફેસ્ટિવલ દરમિયાન શહેરના આઉટલેટ્સમાં **15** ટકાથી **35** ટકાસુધીના ડિસ્કાઉન્ટ્સ ગ્રાહકોને ઉપલબ્ધ રહેશે.

---

## AMIT SHAH SPORTS & OLYMPIC

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદમાં ગઈકાલે સાંસદ ખેલ મહોત્સવના સમાપન સમારોહને સંબોધતા કહ્યું , ડિસિપ્લિન, ટીમ સ્પિરિટ , પેશન્સ, સ્પોર્ટ્સમેન સ્પિરિટ ચારેય ગુણોનો વિકાસ માત્ર રમતગમત ક્ષેત્ર જ કરી શકે છે.

## બાઇટ : અમિત શાહ -સ્પોર્ટ્સ

શ્રી શાહે વધુમાં કહ્યું કે દેશભરના 300થી વધુ મતવિસ્તારમાં સવા લાખથી વધુ વિદ્યાર્થીઓ વરિષ્ઠ નાગરિકો સાંસદ ખેલ મહોત્સવમાં ભાગ લઈ રહ્યા છે. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં એક લાખ 57 હજાર ખેલાડીઓએ નોંધણી કરાવી છે. તેમણે જણાવ્યું કે , 2036માં ઓલિમ્પિક રમતોનું આયોજન પણ અમદાવાદમાં થશે.

## બાઇટ : અમિત શાહ -ઓલિમ્પિક

---

## SIR

સમગ્ર રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11મી ડિસેમ્બર સુધી ચાલવાનો છે.

2025ની મતદાર યાદીમાં રહેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ કરાયું છે. રાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટા ભાગના જિલ્લાઓમાં 100 ટકા ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જે પૈકી કુલ 21 વિધાનસભા મતવિસ્તારમાં ડિજીટાઈઝેશનની કામગીરી 100 ટકા પૂર્ણ થઈ ચુકી છે.

આ ઝુંબેશમાં 94.46 ટકા ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો અગ્રેસર છે. જ્યારે ગીર સોમનાથમાં 91.71 ટકા, મોરબીમાં 91.32 ટકા, બનાસકાંઠામાં 91.19 ટકા, મહીસાગરમાં 91.17 ટકા, અરવલ્લીમાં 91.12 ટકા, સાબરકાંઠામાં 91.08 ટકા, છોટા ઉદેપુરમાં 91.05 ટકા, પાટણમાં 90.82 ટકા અને બોટાદમાં 90.26 ટકા ડિજીટાઈઝેશન થયું છે.

---

## SIR

સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર જિલ્લામાં SIR ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હેઠળ એક હજાર 518 જેટલા BLO દ્વારા સઘન કામગીરી ચાલી રહી છે, જેમાં મતદારોના ફોર્મ સ્કેન કરવા, અપલોડ કરવા સહિત ડિઝિટાઇઝેશનની અત્યાર સુધીમાં 89.31 ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી હોવાનું જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ.રાજેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

## બાઈટ : જિલ્લા કલેકટર રાજેન્દ્ર પટેલ

---

# BOARD EXAM

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10-12ની બોર્ડની પરીક્ષાનું સુધારેલુ ટાઈમટેબલ જાહેર કર્યુ હતું. નવા કાર્યક્રમ મુજબ ચોથી માર્ચના રોજ ધૂળેટીના દિવસે પરીક્ષા લેવાનારી હતી તેને બદલે હવે નવી તારીખ જાહેર કરવામાં આવી છે.

ચોથી માર્ચની પરીક્ષા હવે ધોરણ-10નું પેપર 18 માર્ચ, ધોરણ-12 સામાન્ય પ્રવાહ 17 અને 18 માર્ચ, વિજ્ઞાન પ્રવાહ - 16 માર્ચ તેમજ સંસકૃત પ્રથમા અને મધ્યમાની પરીક્ષા 16 માર્ચનાં રોજ લેવામાં આવશે.

---

# GNR POST OFFICE

ભારતીય ડાક વિભાગ દ્વારા I.I.T. ગાંધીનગરમાં ગુજરાતના પ્રથમ નવીનીકૃત જેન-Z થીમ આધારિત પોસ્ટ ઓફિસનો આરંભ કરાયો છે. ગાંધીનગરના I.I.T.માં શરૂ થયેલુ ગુજરાતની પ્રથમ જેન- Z પોસ્ટ ઓફિસ , યુવાનોને અનુકૂળ વિવિધ સેવાઓ પ્રદાન કરશે.

આ જેન- Z થીમ આધારિત નવીનીકૃત પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન ગુજરાત પરિમંડળના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ ગણેશ વી. સાવળેશ્વરકર અને I.I.T. ગાંધીનગરના નિદેશક પ્રો. રજત મૂના દ્વારા , મહાપ્રબંધક (વિત્ત) ડો. રાજીવ કાંડપાલ તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવની વિશિષ્ટ હાજરીમાં કરવામાં આવ્યું.

**આ અવસર પર ‘IITGN: ગુજરાતનું પ્રથમ Gen-Z વિષયક ડાકઘર’ પર એક વિશેષ આવરણ અને I.I.T. ગાંધીનગર પોસ્ટ ઓફિસનું સ્થાયી ચિત્રાત્મક વીરૂપણ પણ પ્રકાશિત કરવામાં આવ્યું.**

---

# CRICKET-ODI

**ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે ત્રીજી અને અંતિમ વનડે મેચ રમાશે.**

**વિશાખાપટ્ટનમમાં રમાનારી આ મેચ બપોરે 1:30 વાગ્યે શરૂ થશે. બંને ટીમો શ્રેણીમાં 1-1થી બરાબર છે માટે બંને ટીમો આજે શ્રેણી જીતવા રમતમાં ઉતરશે.**

---